RIGHT TO INFORMATION

સુરત મહાનગર પાલિકા

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૬૬૫ તા.૦૩–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા. ૧–૨–૧૨ની અરજીથી મુદ્દાનં. (૧) શ્રી સિરાજુદ્દીન ગુલામનબી શેખે આપશ્રીને તા. ૧૨–૧–૦૯ ના રોજો લખેલ પત્રમાં દર્શાવ્યા મુજબના અગાઉ જુની. સરદાર માર્કેટવાળી જમીન ઉપર રાયથુ માર્કેટ અને ફુલ માર્કેટ અંગે મંજુર થયેલા પ્લાનોની નકલો. મંજુર થયેલ પ્લાનની એક કરતાં વધારે પ્રત હોય તો તેવા તમામ પ્લાનોના સંપૂર્ણ સેટની તેના મુળ સ્વરૂપમાં નકલ. વિ મુદ્દા નં.(૧)થી (૧૧)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૫/૨૦૧૧–૧૨

શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા. ૧–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) શ્રી સિરાજુદ્દીન ગુલામનબી શેખે આપશ્રીને તા. ૧૨–૧–૦૯ ના રોજો લખેલ પત્રમાં દર્શાવ્યા મુજબના અગાઉ જુની. સરદાર માર્કેટવાળી જમીન ઉપર રાયથુ માર્કેટ અને ફુલ માર્કેટ અંગે મંજુર થયેલા પ્લાનોની નકલો. મંજુર થયેલ પ્લાનની એક કરતાં વધારે પ્રત હોય તો તેવા તમામ પ્લાનોના સંપૂર્ણ સેટની તેના મુળ સ્વરૂપમાં નકલ વિ.મુદ્દા નં.(૧) થી (૧૧)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૮૫ તા. ૧૩–૩–૧૨ થી** ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને અરજીથી અપીલમાં નિર્દિષ્ટ માહિતી માંગ્યાની અરજી, ફી ભરપાઈની વિગતો સહિતની નકલ રજૂ કરવા તથા તે સમયે મહાનગરપાલિકા સુરતને આપેલ/તબદીલ થયેલ અરજીની વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૧૪ તા. ૪–૫–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સિરાજઉદ્દ્ન ગુલાબ નબી શેખ તા. ૧૨–૧–૦૯ ના પત્રની નકલ, મધ્યસ્થ શહેર વિકાસ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૪૭૬૯ તા. ૨૬–૨–૦૯ ના પત્રની નકલ રમણભાઈ પટેલનું તા.૮–૧૨–૦૯ નું બાંહેધરી પત્રકની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૫૭૭ તા. ૧–૩–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧–૨–૧૨ થી અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૧૬૫૧/અ–બ ૧૭૦૭–૧૭૧૧ વાળી નવાબવાડીના નામથી ઓળખાતી જમીન ઉપર જુની સરદાર માર્કેટમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ રાયથુ માર્કેટ અને ફુલ માર્કેટના બાંધકામ બાબતે મુદા નં.૧ થી ૧૧ ની મ્યુ. કમિ.શ્રી તથા જાહેર માહિતી અધિકારી ને સંબોધતી તા.૩૧–૧–૧૨ ની અરજી તા.૧–૨–૧૨ ના રોજ મધ્યસ્થ કચેરી સુરત મહાનગરપાલિકા ખાતે આપવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધયસ્થ શહેર વિકાસ વિભાગ કક્ષાએથી પત્ર નં.ટીડીઓ/૫૭૭ તા.૧–૩–૧૨ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) શ્રી સિરાજુદ્દીન ગુલામનબી શેખે આપશ્રીને તા. ૧૨–૧–૦૯ ના રોજો લખેલ પત્રમાં દર્શાવ્યા મુજબના અગાઉ જુની. સરદાર માર્કેટવાળી જમીન ઉપર રાયથુ માર્કેટ અને ફુલ માર્કેટ અંગે મંજુર થયેલા પ્લાનોની નકલો. મંજુર થયેલ પ્લાનની એક કરતાં વધારે પ્રત હોય તો તેવા તમામ પ્લાનોના સંપૂર્ણ સેટની તેના મુળ સ્વરૂપમાં નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી સીરાજુદ્દીન

ગુલામનબી શેખના તા. ૧૨–૧–૦૯ ના પત્ર મુજબ વોર્ડ નં.૪ નોંધ નં.૧૬૫૧ વાળી મિલ્કતમાં તા. ૧–૧–૦૯ ના પત્ર મિલ્કતમાં પત્ર નં.ટીડીઓ/ડીપી/ નં.૨૯૩ તા. ૧૦–૨–૦૯ થી પ્લાનો મંજુર થયેલ છે જે મજુર પ્લાનોની તમામ નકલો રૂા. ૧૦૦૩/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) હાલમાં ચાલી રહેલા બાંધકામ અંગેના મંજુર થયેલા તમામ પ્લાનના સંપૂર્ણ સેટની મુળ સ્વરૂપમાં નકલ. (જુની. એન્જી. શ્રી એ તા. ૨૫–૨–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેર (સેન્ટ્રલઝોન) ને લખેલા પત્ર મુજબ કુલ ૧૫ નંગ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં સ્થળે ચાલતાં બાંધકામ અંગે ટીડીઓ/ડીપી નુ.૨૫૧ તા. ૧૨–૧૦–૧૧ થી પ્લાનો મંજુર થયેલ છે તા. ૨૫–૨–૦૯ થી કાર્યપાલક ઈજનેરશ્રી (સેન્ટ્રલઝોન) ને લખેલ પત્ર મુજબના કુલ ૧૫ નંગ નકશાની નકલો તથા હાલના ઉકત મંજુર પ્લાનોની નકલો રૂા.૨૮૧૮/– જમા કરાવ્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) જુની. સરદાર માર્કેટનો નવો પ્લાન મંજુર કરાવવા સબબ ડેવલોપર તરીકે વ્યકિત કે સંસ્થાએ કોણે અને કુલ કેટલા નાણા સુમપામાં જમા કરાવ્યા છે તેની સંપૂર્ણ માહિતી. જેવી કે રોકડમાં કેટલા આ પ્યો તથા ચેક કે ડ્રાફટ ધ્વારા કેટલા નાણા જમા કરાવ્યા છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલ્કતમાં મંજુર પ્લાનોમાં ડેવલપર તરીકે શ્રી નિલેશ જે. થોરાતની નિમણુંક થયેલ છે સદરહુ મંજુર પ્લાનોમાં પ્લાન મંજુરી સમયે અરજદાર સંસ્થા ધ્વારા જમા કરાવેલ નાણાની વિગતોની નકલો મેળવવા રૂા. ૬/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) જુની. એન્જી. સદરહુ પત્રમાં દર્શાવ્યા મુજબ ડેવલપરે રજૂ કરેલા લાયસન્સની સંપૂર્ણ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડેવલપરના લાયસન્સની નકલ ના રૂા.૨/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) શ્રી સિરાજુદ્દીન શેખે આપશ્રીને તા. ૧૨–૧–૦૯ ના રોજ લખેલ પત્રમાં જણાવ્યા મુજબ સદરહુ પત્ર સાથે બીડાણ કરેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના રાયથુ માર્કેટ અને ફુલ માર્કેટ સબબના ઠરાવની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હેતુ માટેના ઉપયોગ બાબતેના તા. ૨૬–૧૦–૧૦ ના અને તા. ૨૫–૩–૦૬ ના ઠરાવની રજૂ કરેલ નકલો રૂા. ૮/– જમા કરાવ્યેથી મેળવી શકાશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) જુની સરદાર માર્કેટવાળી જમીન ઉપર કુલ કેટલા ચોરસ ફુટ/ચોરસ મીટર બાંધકામ મંજુર થયેલ છે? અને હાલમાં મંજુર થયેલા પ્લાન મુજબનું જ બાંધકામ થઈ રહયું છે કે નહી? અં અંગેના કાયદેસરના સ્પષ્ટ અને સાચા અહેવાલની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ જમીનમાં સ્થળ સ્થિતિ મુજબના રીવાઈઝડ પ્લાનો મંજુર થયેલ છે જે ટીડીઓ/ડીપી નં.૨૫૧ તા. ૧૨–૧૦–૧૧ થી મંજુર થયેલ પ્લાનોની નકલો રૂા. ૧૨૧૫ ભરી મેળવી શકાશે. જેમાં માંગ્યા મુજબની વિગતો સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) જો સરદહુ જમીન ઉપર ગેરકાયેસર બાંધકામ થયુ હોય અથવા થઈ રહયુ હોય તો તે અંગે આપશ્રીએ કે આપની કચેરી/વિભાગે બીપીએમસી એકટ હેઠળની કરેલ કાયદેસરની કાર્યવાહી અંગેની સંપૂર્ણ માહિતી. અને જો એવી જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો શા માટે કરવામાં આવેલ નથી? તે અંગેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ જમીનમાં સ્થળ સ્થિતિ મુજબના રીવાઈઝડ પ્લાનો હાલ મંજુર થયેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) મોજે ડુંભાલ , તા. સીટી જી. સુરતના બ્લોક નં.૩૩ થી ૪૩ કબ્લોક નં.૩૬ સિવાયના) ઉપર મંજુર થયેલા /કરાયેલા પ્લાન મુજબનું સ્થળ ઉપર છે કે નહી એ અંગેનો સ્પષ્ટ સ્થળ –સ્થિતિ અંગેનો અહેવાલ /માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ડુંભાલ તા. સીટી જી. સુરતના બ્લોક નં.૩૩ થી (બ્લોક નં.૩૬ સિવાયના) ઉપર મંજુર પ્લાન પ્રમાણે બાંધકામ થઈ રહેલ હોય આપે માંગ્યા મુજબની માહિતી આપવાનું લાગુ પડતું નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) જો ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તો ખાસ કરીને સદરહુ માર્કેટની કે "રીંગ" બાબતે આપશ્રીની કચેરી/વિભાગ ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે? અને જો એવી કાયદેસરની કાર્યવાહી આપશ્રી કે કચેરી/વિભાગ ધ્વારા કરવામાં આવી નથી તો શા માટે એવી કાર્યવાહી કરવામા આવી નથી? તેની સ્પષ્ટ અને સાચી માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત મુદ્દા નં.૮ માં જણાવેલ હકીકત મુજબ મંજુર પ્લાન પ્રમાણે બાંધકામ થઈ રહેલ હોય આપે માંગ્યા મુજબની માહિતી આપવાનું લાગું પડતું નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં. ૧૦ સદર જગ્યામાં મંજુર થયેલા પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તો તે અંગેની સ્પષ્ટ અને સંપૂર્ણ માહિતી આપવી જેવી કે કેટલા ચો.મી./ચોરસ ફુટનું ગેરકાયદેસર બાંધકામ થયેલ છે? અને આખી માર્કેટમાં કયા સ્થળે એવું બાંધકામ થયેલ છે તથા એવા બાંધકામ થયેલછે અને આખી માર્કેટમાં કયા સ્થળે એવું બાંધકામ થયેલ છે તથા એવા બાંધકામનો હાલમાં કયા હેતુસર વપરાશ થઈ રહેલો છે? તે અંગેની સ્થળ સ્થિતિ અને તેને સંલગ્ન તમામ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત મુદ્દા નં.૮ માં જણાવેલ હકીકત મુજબ મંજુર પ્લાન પ્રમાણે બાંધકામ થઈ રહેલ હોય આપે માંગ્યા મુજબની માહિતી આપવાનું લાગું પડતું નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૧) સદરહુ જુની સરદાર માર્કેટવાળી જમીન ઉપર વિકાસ પરવાનગી માંગનાર વ્યકિત કે સંસ્થા અને આપશ્રી કે કચેરી/વિભાગ ધ્વારા એક બીજા સાથે થયેલા તમામ પત્ર વ્યવહારની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબના પત્ર વ્યવહાર સહિતની સંપૂર્ણ ફાઈલના કાગળોની નકલો રૂા. ૭૯૦/– ભર્યેથી મેળવી શકાશે. તેવું જણાવેલ છે. આમ અરજદારે નિયત સમય અવધિમાં માહિતી નહીં મળ્યાનું જણાવી અપીલ અરજી કરેલ છે.

વાસ્તવમાં અરજદારે તા.૩–૩–૧૨ ના રોજ કરેલ વર્તમાન અપીલમાં અપીલના કારણમાં તા. ૩૧–૧–૧૨ ના રોજ કરેલ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ નથી. તેવું જણાવેલ અને સાથે તેમની તા.૩૧–૧–૧૨ ના રોજ કરેલ નાયબ મામલતદાર ઈન્ફર્મેશન ગેલેરીને કરેલ અરજીની ૧ થી ૭ પાના ધરાવતી નકલ રજૂ કરેલ છે. પૂરક તબકકે આ બાબતે અરજદારે કોઈ પ્રકાશ પાડેલ નથી પરંતુ જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતમાં મોકલેલ બીડાણ જોતાં અરજદારે તા. ૧–૨–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારીને કરેલ અરજી નકલ મોકલેલ છે. તે જોતાં અરજદારે મુળ અરજીથી માંગેલ જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમાં નિર્દિષ્ટ વિગતે ઠરાવેલ દસ્તાવેજી ફી ભરપાઈ કરીને પૂરી પાડવાનો પ્રસ્તાવ કરેલ છે અને તે વિગતો અરજદારે અપીલ અરજીમાં માહિતીમાં જણાવેલ વિગતો સાથે સુસંગત છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૩–૩–૧૨ ધ્યાને લેતાં ૦૧–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૬–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય તથા ઠરાવેલ દસ્તાવેજ ફી ભરપાઈ કર્યેથી પૂરી પાડવા પ્રસ્તાવ કરેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો સદર પ્રસ્તાવ અનુસાર ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ,